**Headline: Marck Biosciences to set up new facility**

# માર્ક બાયોસાયન્સિસ દ્વારા નવી સુવિધા સ્થપાશે

ઇટી બ્યુરો
અમદાવાદ

સ્ટરાઇલ ડોસેજનું ઉત્પાદન કરતી ખેડા સ્થિત માર્ક બાયોસાયન્સીસ લિમિટેડ વૃધ્ધિ કરી રહેલા સ્ટરાઇલ ડોસેઝ ફાર્મા માર્કેટમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે આગામી ત્રણ વર્ષમાં રૂ. ૮૦ કરોડના અંદાજિત ખર્ચે નવી સુવિધા સ્થાપવાની યોજના ધરાવે છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ભાવેશ પટેલે જણાવ્યું હતું કે નવી સુવિધામાં ગ્લાસ વાયલ્સમાં ફોર્મ્યુલેશન્સ અને ઇન્જેક્ટિબલ્સની સંપૂર્ણ રેન્જ, સ્ટરાઇલ ઓઇનમેન્ટ્સ, મોનો-ડોઝ ઓપ્થાલ્મિક અને સંખ્યાબંધ લેન્સ ક્લિનિંગ સોલ્યુશન્સનું ઉત્પાદન કરશે. ૨૫ એકર જમીનમાં ફેલાયેલી કંપની ૨૦૧૨ સુધીમાં વિશિષ્ટ સ્ટરાઇલ ડોસેઝનું ઉત્પાદન કરતી કંપની બનવા માગે છે. પ્રોજેક્ટની ઇન્વેસ્ટમેન્ટ પેટર્ન અંગે પટેલે જણાવ્યું હતું કે આઇએફસીઆઇ વેન્ચર કેપિટલ ફન્ડ્સે માર્કમાં રૂ. ૨૦ કરોડનું રોકાણ કર્યું છે. બાકીની રકમ આંતરિક સાધનો અને ઋણ દ્વારા ઊભી કરવામાં આવશે.

માર્ક ભારતની ટોચની ૫૦માંથી ૪૮ કંપનીઓ માટે સ્ટરાઇલ ડોસેઝ ફાર્મા પ્રોડક્ટ્સનું કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ પણ કરે છે. કંપની અમેરિકા, બ્રિટન, બ્રાઝિલ, જર્મની, બેલ્જિયમ અને પોર્ટુગલમાં અનેક આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે પણ ઉત્પાદન કરે છે. કંપની લેટિન અમેરિકા, એશિયા વગેરેના ૫૫ દેશોમાં માર્કેટિંગ કરે છે.